**647510** **MA01GujC0110** **Seat No :________**

# M.A. (GUJARATI) Semester - 1 (*CBCS*) Examination
## Oct/Nov. -2019 - [OLD COURSE]
## BHASHA-SAHITYAKAUSHAL(CORE)

**Time: 2:30 Hours** **Marks: 70**

**Instructions:**

1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન.૧ નીચેના કાવ્યની સમીક્ષા કરો. (૧૪)

સમી સાંજનો ઢોલ ઢબુકતો, જાન ઉઘલતી મ્હાલે,
કેસરિયાળો સાફો, ઘરનું ફળિયું લઇને ચાલે.
પાદર બેસી ફાફડી ઉઠતી, ઘરચોળાની ભાત,
ડૂસકે ડૂસકે હડસેલાતી બાળપણાની વાત.
પૈડું સીંચતા રસ્તો આખો, કોલાહલમાં ખૂંપે,
શૈશવથી ચીતરતી શેરી, સૂનકારમાં ડૂબે.
જાન વળાવી પાછો વળતો, દીવડો થરથર કંપે,
ખડકી પાસે ઉભો રહીને, અજવાળાને ઝંખે.
સમી સાંજનો ઢોલ ઢબુકતો, જાન ઉઘલતી મ્હાલે,
કેસરિયાળો સાફો, ઘરનું ફળિયું લઇને ચાલે.

-અનિલ જોષી-

અથવા

પ્રશ્ન.૧ નીચેના કાવ્યનું રસદર્શન કરાવો.

લાવો તમારો હાથ, મેળવીએ
(કહું છું હાથ લંબાવી) !
કહો શું મેળવી લેવું હશે મારે? તમારા હાથમાં તો કેટલુંયે
ધન હશે, સત્તા હશે, કીર્તિ હશે.....
શું શું નથી હોતું તમારા હાથમાં?
મારે કશાનું કામ ના,
ખાલી તમારો હાથ.....
ખાલી તમારો હાથ?
ના ના આપણા આ બેય ખાલી હાથમાંયે કેટલું છે!
આપણા આ હાથમાં ઉષ્મા અને થડકો,
અરે, એના વડે આવો, પરસ્પરના હ્રદયનો ભાવ ભેળવીયે,
અને બિનઆવડત સારૂં નઠારૂં કેટ્લુંયે કામ કરતા
આપણા આ હાથ કેળવીએ!
અજાણ્યા છો? ભલે !
તો યે જુઓ, આ હાથ લંબાવી કહું-
લાવો તમારો હાથ મેળવીએ.

-નિરંજન ભગત

પ્રશ્ન.૨ નીચેના ગદ્યખંડનું વિવરણ કરો. (૧૪)

કાવ્યભિવ્યક્તિમાં શબ્દના નવા અર્થ ઉપરાંત વર્ણરચનાના અનેક વિશેષો પણ રાસાયણિક રીતે ભળેલા હોય છે. અને એ બધા મળીને કાવ્યના સમગ્ર આકારને ઉઠાવ આપી રહે છે. વર્ણરચનામાં શબ્દક્રમ અને વાક્ય વિન્યાસને લીધે આવતા આરોહ અવરોહ, શબ્દ કે શબ્દાંશ પર આવતા કાકુ,ભાર, એ તો હોય જ, પણ વર્ણસગાઇ અને વિવિધ પ્રકારના પ્રાસ પણ યોજાયા હોય. છંદની મદદ લેવાઇ હોય તો યતિ છંદોલયના વિશેષો ઉમેરાય. શબ્દોના વર્ણને આધારે નીપજતા આ બધા વિશેષો શબ્દોની અર્થસંપતિ સાથે ઓતપ્રોત થવાને પરિણામે સંદર્ભનો સમગ્ર વૈભવ નીપજે. એ જ કાવ્ય.

- ઉમાશંકર જોષી.

અથવા

પ્રશ્ન.૨ નીચેના ગદ્યખંડાનું વિવરણ કરો.

સમાજ ધીમે ધીમે ગાંધી પ્રભાવમાંથી સરકતો ગાંધી અભાવ સુધી આવી પહોંચ્યો છે. આ સમયે ગાંધીનિષ્ઠ વ્યક્તિઓ અને ગાંધીપ્રેરિત સંસ્થાઓ ક્યાં છે? તેમની ભૂમિકા શી છે? તેમનું કર્તવ્ય શું છે? વિનોબાજી કહેતા હતા તેમ, ‘રાજશક્તિ’ ને બાજુ પર રાખી ‘લોકશક્તિ’ વિકસાવવામાં અને તે દ્વારા ભાવિ સમાજના નિર્માણ માટે ગાંધીવાદી વિચાર છૂટાછવાયા બનાવો સિવાય બહુ કારગત નીવડી શક્યો નથી. ગાંધીવિચાર સામે આ સંદર્ભમાંથી જ સૌથી મોટો પડકાર ઉભો થાય છે. સમાજવાદ, સામ્યવાદ, મૂડીવાદ, વ્યક્તિકેન્દ્રી ઉપભોગવાદના સંદર્ભમાં ગાંધી દર્શન અને ગાંધી જીવન પોતાનું આગવાપણું ક્યાં અને કેવી રીતે જાળવી રાખે છે અને છતું કરે છે તે સમજવાનું છે. વર્તમાન સમય જ્ઞાનલક્ષી કે માહિતીપ્રધાન સમાજનો છે. તેમાં ગાંધી વિચારે પોતાની આગવી ઓળખ જાળવવી અથવા જરૂર મુજબ તેમાં પરિવર્તનો આણવાં તે એક મોટું કાર્ય છે.

- રોહિત શુક્લ.

પ્રશ્ન.૩ “છંદ તો નાદ, સ્વર અને તાલનું એક વિશિષ્ટ સમતોલ રાસાયણિક પરિણામ છે અને તેમાં અપરિમિત શક્તિ છે”- છંદ વિશે કવિ રમેશ પારેખ ઉચ્ચારેલા આ વિધાનની ચર્ચા કરો. (૧૪)

અથવા

પ્રશ્ન.૩ કાવ્ય નિર્માણમાં છંદની મહતા અને ઉપકારકતા સ્પષ્ટ કરી, કાવ્યમાં તેના સ્થાન વિશે સવિસ્તર નોંધ લખો.

પ્રશ્ન.૪ “જે અલંકાર કવિના ભાવોદ્રેક માંથી જનમ્યા હોય અને સહૃદયના ચિતમાં ભાવ ઉત્પન્ન કરવાને સમર્થ હોય એવા અલંકારો પોતે કાવ્યના ભાગરૂપ બની જતા હોય છે”- (૧૪)
-અલંકાર વિશે જ્યોતીન્દ્ર દવેના આ વિધાનની ચર્ચા કરો.

અથવા

પ્રશ્ન.૪ અલંકારની વિભાવના સ્પષ્ટ કરી કાવ્યમાં તેનાં મહ્ત્વ વિશે સવિસ્તર નોંધ લખો.

પ્રશ્ન.૫ ટૂંકનોંધ લખો.(કોઇ પણ બે) (૧૪)

(1) શબ્દાલંકારના પ્રકારો.
(2) જોડણીના મુખ્ય નિયમો.
(3) પ્રુફ રીડિંગની સંજ્ઞાઓ.
(4) અર્થાલંકારના પ્રકારો.

***********************************